ક્રમાંક:મઉમશબ/ચૂંટણી-૨૦૨૧/૩૯૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૩/૦૯/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજય.

વિષય :- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી - ૨૦૨૧ માટેના મતદાન એજન્ટોના ઓળખપત્ર આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય ચૂંટણી - ૨૦૨૧ માટે તમામ ખંડોના ઉમેદવારોના મતદાન એજન્ટોની નિમણૂંક કરવાની થશે. આ માટે અત્રેથી ઓળખપત્ર આપવામાં આવનાર છે. ઉમેદવાર દ્વારા જિલ્લામાં આવેલા તેઓના ખંડના મતદાન મથકદીઠ એક (૦૧) મતદાન એજન્ટની નિમણૂંક કરી શકાશે. મતદાન એજન્ટને મતદાન કેન્દ્રમાં મતદાનની પ્રક્રિયા દરમિયાન હાજર રહેવા માટે નીચે દર્શાવેલ તમામ જરૂરિયાતો સંતોષાતી હોવી જોઈશે.

(૧) મતદાન એજન્ટ તરીકે પસંદ થનાર વ્યક્તિ જે ખંડમાં મતદાર તરીકે નોંધાયેલો હોય તે જ ખંડના મતદાન એજન્ટ તરીકે પસંદ કરી શકાશે.

(૨) મતદાન એજન્ટની મતદાર તરીકેની નોંધણી જે જિલ્લામાં મતદાન એજન્ટ તરીકે નિયુંક્ત કરવાનો છે તે જિલ્લાની મતદાર યાદીમાં થયેલી હોવી જોઈશે.

(૩) મતદાન એજન્ટની પસંદગી જે તે ખંડના ઉમેદવાર દ્વારા કરવાની રહેશે અને મતદાન એજન્ટની નિમણૂંક માટેનો અધિકાર પત્ર આ સાથે સામેલ નમૂના મુજબનો આપવાનો રહેશે.

(૪) ઉમેદવારોએ તેમના ખંડના જેટલા મતદાન મથકો હોય તેટલા મતદાન એજન્ટો માટેના અધિકાર પત્ર જે તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને મતદાન એજન્ટ મારફતે રજૂ કર્યેથી મતદાન મથકના પ્રમુખ અધિકારી દ્વારા ઓળખપત્ર આપવામાં આવશે. જે ઓળખપત્રના આધારે ઉમેદવારે અધિકૃત કરેલ મતદાન મથકમાં એજન્ટ તરીકેની ફરજ બજાવી શકશે.

બિડાણ :-

- અધિકાર પત્ર

(ડી. એસ. પટેલ)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ રવાના જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ :-

- મતદાન મથકના પ્રમુખ અધિકારીશ્રી તમામ
- તમામ હરીફ ઉમેદવારો

D:\HITESH\ELECTION 2020\ચૂંટણી -૨૦૨૦-૨૧ અંગેની કામગીરી\ચૂંટણી - ૨૦૨૧ અંગેની કામગીરી.DOCX

૧૪

૨૧૧-૧
14/9

Online

14/9/21

# અધિકાર પત્ર

હું ........................................................................................................................ ખંડ .............. ના મતવિભાગ ........................................................................................................................ ........................................................................... માટે ઉમેદવાર તરીકે નોંધાયેલ છું. મતપત્રમાં મારો ક્રમ ............. છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નું મતદાન તા.૨૫/૦૯/૨૦૨૧ ને શનિવારના રોજ યોજાનાર છે. ઉક્ત ચૂંટણી પ્રક્રિયા માટે જિલ્લો ............... મતદાન મથક ........................................................................................................................ મતદાન મથકનો ક્રમ નં .............. ખાતે મારા મતદાન એજન્ટ તરીકે શ્રી ............................................ ........................................................................ કે, જેઓ મારા ખંડ ............. અને મતવિભાગ ...................... ........................................................................................................................ જિલ્લો .............................. ની મતદાર યાદીમાં મતદાર ક્રમ નં .............. થી નોંધાયેલા છે. જેઓને મતદાન એજન્ટ તરીકે નિયુક્ત કરવા અને ઓળખપત્ર આપવા મારી ભલામણ છે.

ઉમેદવારનું પુરૂ નામ :- ...................................................................... સહી :- ....................................

ઉમેદવારનો મોબાઈલ નંબર :- ......................................

જા.નં. 13073
તારીખ 15/9/21
શાખા મા.શિ.

પ્રતિ,
આચાર્યશ્રી
જિલ્લાની તમામ માધ્યમિક ઉ.મા. શાળાઓ તરફ.
જાણ તથા અમલ વાસ્તુ ---.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો, સુરત